# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-04-2026 Day : Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## પી એમ - મહિલા અનામત વિધેયક :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે સાંજે મહિલા અનામત વિધેયક અંગે દેશને સંબોધતાં જણાવ્યું હતું કે, આ સુધારા ખરડો પસાર ન થઈ શક્યો એ બદલ દેશની તમામ માતાઓ-બહેનોની માફી માગું છે. સ્વાર્થી રાજનીતિનું નુકસાન દેશની નારીશક્તિને થશે. દેશની અડધી વસતીને તેનો અધિકાર આપતા નારીશક્તિ વંદન સંશોધન અધિનિયમને રોકવાનું પાપ કરનાર વિપક્ષોને દેશની નારીશક્તિ માફ નહીં કરે. વધુમાં, પ્રધાનમંત્રી શ્રી મોદીએ જણાવ્યું કે, `નારીશક્તિ'ના રસ્તામાં આવતા તમામ અવરોધો દૂર કરીને બતાવશું. અમારો ઈરાદો અડગ છે.

----------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય કર્મચારી – ડી એ વધારો :

કેન્દ્રીય પ્રધાન મંડળની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ યોજિત બેઠકમાં કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને પેન્શનર્સ માટે મોંઘવારીમાં બે ટકા વધારો કરવાને મંજૂરી અપાઈ હતી. આ ફેંસલા સાથે જ મોંઘવારી ભથ્થું મૂળ પગારના 58 ટકામાંથી 60 ટકા થઈ ગયું છે. આ નિર્ણયથી સરકારી ખજાના પર વાર્ષિક 6,791.24 કરોડ રૂપિયાનો વધારાનો બોજ પડશે. કર્મચારીઓ તેમજ પેન્શનરો માટે આ વધારો પહેલી જાન્યુઆરી, 2026થી જ લાગૂ કરાશે.

----------------------------------------------------------------------------------------

## સ્થાનિક સ્વરાજ્ય ચુંટણી - કચ્છ :

કચ્છમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીનો માહોલ હવે ધીરે-ધીરે જામી રહ્યો છે. ઉમેદવારોનું આખરી ચિત્ર સ્પષ્ટ થયા બાદ રાજકીય પક્ષે પ્રચારમાં પ્રવૃત્ત બન્યા છે, ત્યારે આ વખતે જિલ્લામાં સત્તાધારી પક્ષ ભાજપે 26 બેઠક બિનહરીફ મેળવી છે, ત્યારે 200૫ બાદ આ વખતે જિલ્લામાં સર્વાધિક બેઠકો બિનહરીફ થઈ છે. મહત્ત્વની બાબત એઁ છે કે, આ વખતે બિનહરીફ જાહેર થયેલી તમામ બેઠકો ભાજપે મેળવી છે.

---

## ચુંટણી – વહીવટીતંત્ર તૈયારી :

કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ વહીવટી તંત્ર તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યું છે, જેના ભાગરૂપે ખાસ કરીને EVM કમિશનિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે જે આગામી બે દિવસ સુધી ચાલશે. આ ત્રણ દિવસની સમગ્ર પ્રક્રિયા દરમિયાન EVM ની અંદર ઉમેદવારના નામ અને તેના ચિન્હો સહિત નક્કી કરી લગાડવાની કામગીરી ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે, કચ્છના 1896 મતદાન મથકો માટે EVM તૈયાર કરવામાં આવી રહ્યા છે જેમાં કુલ 4000 થી વધુ EVM ની ફર્સ્ટ લેવલ ચેકિંગ પૂર્ણ થઈ ગયા બાદ તેને તાલુકા મથકોએ મોકલી દેવામાં આવ્યા છે. હાલમાં રિટર્નિંગ ઓફિસર દ્વારા તેમનું કમિશનિંગ કરવામાં આવી રહ્યું છે, જેમાં બેલેટ પેપર સેટિંગ અંતર્ગત બેલેટ યુનિટ પર ઉમેદવારોના નામ, ફોટો અને ચિન્હો ફિક્સ કરવા, કંટ્રોલ યુનિટમાં ઉમેદવારોની સંખ્યા મુજબ કેન્ડિડેટ સેટિંગ કરવું, પિંક પેપર સીલ દ્વારા મશીનોને સુરક્ષિત કરી સીલિંગ પ્રક્રિયા પૂર્ણ કરવી અને મોક પોલ દ્વારા મશીનોની ચકાસણી કરીને તમામ EVM ને લોખંડી સુરક્ષા વચ્ચે સ્ટ્રોંગ રૂમમાં રાખવાની કામગીરીનો સમાવેશ થાય છે જેથી વહીવટી તંત્રના આ ચુસ્ત આયોજનથી મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજવા માટેનો માર્ગ મોકળો થાય છે.

---

## અક્ષય તૃતીયા :

આજે અખાત્રીજ એટલે, અક્ષય તૃતીયાનું પર્વ શ્રદ્ધા અને ભક્તિભાવ પૂર્વક ઉજવાઈ રહ્યું છે. હિન્દુ શાસ્ત્રો અનુસાર આ દિવસ શુભ માનવામાં આવે છે અને શુભ કાર્યો માટે મુહૂર્ત જોવાની જરૂર નથી પડતી. આજે ઘણા સમાજ દ્વારા સમૂહ લગ્નોત્સવ યોજાય છે.

નખત્રાણામાં કચ્છ કડવા પાટીદાર સતપંથ સનાતન સમાજ દ્વારા નિષ્કલંકી તીર્થ ધામ ખાતે સમૂહ લગ્ન યોજાશે. એમાં 13 યુગલો લગ્નગ્રંથીથી જોડાશે.

આજે વિષ્ણુના અવતાર ભગવાન પરશુરામની જયંતિની ઉજવણી થઈ રહી છે. ભુજ, અંજાર સહિત વિવિધ શહેરો અને ગામોમા શોભાયાત્રા યોજાશે. ભચાઉ ખાતે અખાત્રીજના દિને 37 જેટલા વરસી તપના સામૂહિક પારણાનો મહોત્સવ ઉજવાશે.

---------------------------------------------------------------------------------------------

## આઈ પી એલ :

ચેન્નઈ સુપર કિંગ્સ IPLની વર્તમાન સીઝનમાં ચોથી મેચ હારી ગઈ છે. ગઈકાલે  બીજા મુકાબલામાં સનરાઈઝર્સ હૈદરાબાદે તેને 10 રને હરાવ્યું હતું. રાજીવ ગાંધી સ્ટેડિયમમાં 195 રનનો ટાર્ગેટ ચેઝ કરી રહેલી ચેન્નઈ 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવી 184 રન સુધી જ પહોંચી શકી હતી. આ પહેલા હૈદરાબાદે 20 ઓવરમાં 9 વિકેટ પર 194 રન બનાવ્યા હતા.

IPL-2026માં આજે બે મેચ રમાશે. દિવસની પ્રથમ મેચ કોલકાતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાશે જ્યારે બીજી મેચ પંજાબ કિંગ્સ (PBKS) અને લખનઉ સુપર જાયન્ટ્સ (LSG) વચ્ચે સાંજે 7:30 વાગ્યાથી ન્યૂ ચંદીગઢમાં રમાશે.

---------------------------------------------------------------------------------------------

# અક્ષય તૃતીયા - બાળ લગ્ન :

અક્ષય તૃતીયા મોટા પ્રમાણમાં થતાં લગ્નો તેમજ સમૂહલગ્નો પૈકી બાળલગ્ન થતાં અટકાવવા અને લગ્ન પૂર્વે જ વર-કન્યાની ઉંમરની ચકાસણી કરવા તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ - 2006 મુજબ 21 વર્ષથી નીચેનો યુવક અને 18 વર્ષથી નીચેની યુવતીનાં લગ્ન કરવાં, કરાવવાં કે આવાં લગ્ન કરવામાં મદદગારી કરવી ફોજદારી ગુનો બને છે. જો કોઈ બાળલગ્નો થતાં હોય તો તેની જાણ નજીકના પોલીસ સ્ટેશનને અથવા બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, ભુજ અથવા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, ભુજને જાણ કરવા અનુરોધ કરાયો છે.

---------------------------------------------------------------------------------------------------